ગુજરાતી ગઝલના 'ઋષિકવિ' રાજેન્દ્ર શુક્લનું ૮૪ વર્ષની વયે નિધન

મજા પડે તો તરત હું મિજાજ બદલું છું, ન આંખ બદલું ભલે, પણ અવાજ બદલું છું

અમદાવાદ :ગુજરાતી કવિતા અને ગઝલના આકાશમાં પોતાની આગવી શબ્દસાધનાથી અવિસ્મરણીય સ્થાન મેળવનારા 'ઋષિકવિ' અને 'ગઝલર્ષિ' રાજેન્દ્ર શુક્લનું ૮૪ વર્ષની વયે નિધન થતાં ગુજરાતી સાહિત્યે એક અસાધારણ સર્જક ગુમાવ્યો છે. હૃદય સંબંધિત તકલીફને કારણે અમદાવાદની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા રાજેન્દ્ર શુક્લએ ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વહેલી સવારે અંતિમ શ્વાસ લીધા હતા. સંસ્કૃતની પ્રશિષ્ટ પરંપરા, અધ્યાત્મની ઊંડી અનુભૂતિ, ગિરનાર-સોરઠની લોકસંસ્કૃતિ અને ગુજરાતી ભાષાની તળપદી મીઠાશને ગઝલમાં ગૂંથવાની તેમની આગવી કળાએ તેમને સમકાલીન ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન અપાવ્યું હતું. તેમની વિદાયથી માત્ર એક કવિની ખોટ નહીં, પરંતુ શબ્દ, ચિંતન અને ચેતનાની એક સમૃદ્ધ પરંપરાની વિદાયનો શોક સાહિત્યજગતમાં છવાયો છે.

રાજેન્દ્ર અનંતરાય શુક્લનો જન્મ ૧૨ ઓક્ટોબર, ૧૯૪૨ના રોજ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે થયો હતો. તેમનું મૂળ વતન વઢવાણ હતું. અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કોલેજમાંથી તેમણે સંસ્કૃત અને પ્રાકૃત વિષયોમાં બી.એ. અને એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ વિવિધ કોલેજોમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે સેવા આપી હતી. વર્ષ ૧૯૮૨માં દાહોદ કોલેજમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને તેમણે પોતાનું સમગ્ર જીવન કાવ્યસાધનાને સમર્પિત કર્યું હતું.

પ્રકાશિત થયેલી 'ગઝલસંહિતા' તેમની નોંધપાત્ર સાહિત્યિક કૃતિઓ છે. તેમની ગઝલોમાં અધ્યાત્મ, ભારતીય તત્ત્વજ્ઞાન, સંગીત અને લોકજીવનની અનુભૂતિ એકસાથે વ્યક્ત થતી હતી. ૨૦૦૬માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૨૦૦૭માં 'ગઝલસંહિતા' માટે કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સીએમ ભૂપેન્દ્ર પટેલે શોકાંજલિ અર્પણ કરતાં કહ્યું હતું કે ગુજરાતી સાહિત્યના અણમોલ રત્ન, મૂર્ધન્ય કવિ અને ગઝલસમ્રાટ પદ્મશ્રી રાજેન્દ્ર શુક્લજીના નિધનથી ગુજરાતી ભાષા અને સાહિત્યજગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમના અવસાનથી એક સમર્થ શબ્દસાધક અને આધ્યાત્મિક ચેતનાના ઉપાસકને ગુમાવ્યાનું ઊંડું દુઃખ છે.શબ્દને સાધના અને કવિતાને આત્માની અભિવ્યક્તિ બનાવનાર રાજેન્દ્ર શુક્લજીએ પોતાની આગવી સર્જનશૈલી, ગહન આધ્યાત્મિક ચિંતન અને ગુજરાતી ભાષાની અદભુત મીઠાશથી ગઝલ અને કવિતાને નવી ઊંચાઈ બક્ષી હતી. તેમની કલમમાંથી વહેતી સંવેદના, તત્ત્વચિંતન અને શબ્દોની સમૃદ્ધિ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં અક્ષય વારસો બની રહેશે. તેમની સર્જનયાત્રા અને સાહિત્યસાધના આવનારી પેઢીઓ માટે સદાય પ્રેરણાસ્રોત બની રહેશે.પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે અને તેમના પરિવારજનો તથા અસંખ્ય સાહિત્યપ્રેમીઓને આ અસહ્ય વિયોગ સહન કરવાની શક્તિ આપે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.

જામનગરમાં IT અધિકારી ૮ લાખની લાંચ લેતાં ઝડપાયા

કારમાં જ એસીબીએ ગોઠવી હતી ટ્રેપ

ગાંધીનગર : જામનગરમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એસીબી) એ મોટી કાર્યવાહી કરી ઈન્કમટેક્સ ઓડિટ વિભાગના આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસરને રૂ.૮ લાખની લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડ્યા છે. અમદાવાદના ઓડિટ ભવન, નવરંગપુરા ખાતે ફરજ બજાવતા આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસર વિનસકુમાર અમરચંદ સાવરિયા (ઉ.વ. ૪૪)એ એક કંપનીના મેનેજિંગ ડિરેક્ટરના વર્ષ ૨૦૨૪-૨૫ના ઈન્કમટેક્સ રિટર્ન સંબંધિત બંધ થયેલા એસેસમેન્ટને ઓડિટ માટે ફરી ખોલવામાં ન આવે તે માટે ફરિયાદી પાસે રૂ.૮ લાખની લાંચ માગી હતી. લાંચ આપવા ઇચ્છુક ન હોવાથી એક જાગૃત નાગરિકે એસીબીનો સંપર્ક કરતાં છટકું ગોઠવવામાં આવ્યું હતું.

એસીબીએ ૨૨ નવેમ્બરના રોજ જામનગર-રાજકોટ હાઇવે પર ઈન્કમટેક્સ ઓફિસની બાજુમાં ત્રીમંદિર જવાના સાઇનબોર્ડ પાસે આરોપીની કારમાં જ લાંચનું છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૮ લાખની લાંચની રકમ સ્વીકારતાં જ એસીબીની ટીમે તેને ઝડપી પાડ્યો હતો. લાંચની માગણી મુજબની સમગ્ર રૂ.૮ લાખની રકમ પણ સ્થળ પરથી રિકવર કરવામાં આવી છે.

મુખ્યમંત્રીની સૂચનાના ૮ કલાકમાં જ ગરબાડા તળાવની સફાઈ શરૂ

ઐતિહાસિક રામનાથ તળાવની કાયાકલ્પની દિશામાં કામગીરી ઝડપી બની



ગાંધીનગર : દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે આવેલા ઐતિહાસિક રામનાથ તળાવના વિકાસ અને સૌંદર્યીકરણની કામગીરીનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિદિવસીય દાહોદ પ્રવાસના અંતિમ દિવસે તળાવની મુલાકાત લઈને તેના સર્વાંગી વિકાસ માટે સૂચનાઓ આપ્યાના માત્ર આઠ કલાકમાં જ સફાઈ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના એક્વાટિક વીડ હાર્વેસ્ટર મશીન અને જેસીબીની મદદથી તળાવમાં વર્ષોથી જામી ગયેલી જળચર વનસ્પતિ અને કચરો દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

મુખ્યમંત્રીએ મુલાકાત દરમિયાન તળાવની હાલત, આસપાસના વિસ્તાર અને ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કરીને પર્યાવરણની જાળવણી સાથે નાગરિકોને વધુ સારી સુવિધાઓ મળી રહે તેવું આયોજન કરવા અધિકારીઓને જણાવ્યું હતું. તળાવના કાયાકલ્પથી ગરબાડાના નાગરિકોને હરવા-ફરવા માટે નવું આકર્ષણ ઊભું થવાની સાથે સ્થાનિક પ્રવાસનને પણ વેગ મળવાની શક્યતા છે.

SDBમાં ડી-બિયર્સે રફ ડાયમંડની પ્રથમ પાયલોટ શિપમેન્ટ કરી

સુરત ઈન્ટરનેશનલ ડાયટ્રેડ સેન્ટર ખાતે 19 નવેમ્બરે પ્રથમ ટ્રાયલ શિપમેન્ટ સાથે આંતરરાષ્ટ્રીય હીરા વેપારની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ

હીરા ઉત્પાદનની સાથે રફ ડાયમંડ ટ્રેડિંગનું પણ વૈશ્વિક કેન્દ્ર બનવાની સુરતને તક



હીરા ઉદ્યોગમાં સુરતની ભૂમિકા વિસ્તરશે

GJEPC ગુજરાત રિજયનના ચેરમેન જયંતીભાઈ સાવલિયાએ કહ્યું હતું કે, આ પહેલ સફળતાપૂર્વક આગળ વધે તો સુરત માત્ર હીરાના ઉત્પાદન અને પ્રોસેસિંગ પૂરતું સીમિત નહીં રહે, પરંતુ રફ ડાયમંડની આંતરરાષ્ટ્રીય ખરીદી-વેચાણ પ્રવૃત્તિઓનું પણ મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે. તેનાથી ભારતીય હીરા ઉદ્યોગની વૈશ્વિક સપ્લાય ચેઇનમાં સ્થિતિ મજબૂત થવાની સાથે સુરતના નાના અને મધ્યમ હીરા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય વેપારની નવી તકો મળી શકે છે.

સુરત: વિશ્વની અગ્રણી રફ ડાયમંડ સપ્લાયર કંપની ડી-બિયર્સ ગ્રુપે સુરત ડાયમંડ બુર્સ (SDB) ખાતે કાર્યરત સુરત ઇન્ટરનેશનલ ડાયટ્રેડ સેન્ટર (SIDC) મારફતે રફ ડાયમંડની પ્રથમ પાયલોટ શિપમેન્ટ હાથ ધરી છે.

તા.19 નવેમ્બર, 2026ના રોજ કરવામાં આવેલી આ ટ્રાયલ શિપમેન્ટને સુરતને આંતરરાષ્ટ્રીય હીરા વેપારના કેન્દ્ર તરીકે વિકસાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

સુરત ઇન્ટરનેશનલ ડાયટ્રેડ સેન્ટર (SIDC)એ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ની પેટાકંપની છે. સુરતમાં રફ ડાયમંડના આંતરરાષ્ટ્રીય વેપાર માટે આધુનિક માળખાગત સુવિધાઓ વિકસાવવાના હેતુથી તેની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રસંગે SIDCના ચેરમેન અને GJEPCના ગુજરાત રિજનલ ચેરમેન જયંતી સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા.

SIDCની નવીનતમ અને અત્યાધુનિક સુવિધા ખાતે હાથ ધરાયેલી આ પ્રથમ પાયલોટ શિપમેન્ટ સુરતના હીરા ઉદ્યોગ માટે નવી વેપારી સંભાવનાઓ ઊભી કરી શકે છે. અત્યાર સુધી સુરત વિશ્વના સૌથી મોટા હીરા કટિંગ અને પોલિશિંગ કેન્દ્ર તરીકે ઓળખાય છે, પરંતુ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે રફ ડાયમંડના સીધા વેપારમાં પણ સુરતની ભૂમિકા વિસ્તરે તે દિશામાં પ્રયાસો શરૂ થયા છે.

આ પહેલથી ભારતીય હીરા ઉત્પાદકોને આંતરરાષ્ટ્રીય બજારમાંથી રફ ડાયમંડ મેળવવાની પ્રક્રિયા વધુ સરળ અને સુલભ બનવાની અપેક્ષા છે. ખાસ કરીને માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝિસ (MSME) ક્ષેત્રના હીરા ઉત્પાદકોને તેનો લાભ મળી શકે છે. અત્યાર સુધી રફ ડાયમંડના આંતરરાષ્ટ્રીય વેપાર માટે વિદેશી ટ્રેડિંગ કેન્દ્રો પર નિર્ભર રહેતા વેપારીઓને સુરતમાં જ વૈશ્વિક સ્તરની ટ્રેડિંગ ઇકો સિસ્ટમ ઉપલબ્ધ કરાવવાનો આ પ્રયાસ છે.

તમામ ૧૮૨ વિધાનસભા બેઠકમાં મોદીનો કાર્યકરો સાથે વર્ચ્યુઅલ સંવાદ

પ્રદેશ પ્રમુખે ૨૦૨૭માં તમામ બેઠકો જીતવાનો લક્ષ્યાંક જાહેર કર્યો

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાની ૨૦૨૭ની ચૂંટણીને હવે એક વર્ષથી પણ ઓછો સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપાએ નૂતનવર્ષ સ્નેહમિલનના બહાને રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એકસાથે સંગઠનાત્મક શક્તિનું પ્રદર્શન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયેલા આ રાજ્યવ્યાપી કાર્યક્રમોમાં એક તરફ કાર્યકર્તાઓ સાથેનો પક્ષનો જૂનો નાતો અને ૨૫ વર્ષની વિકાસયાત્રા વાગોળવામાં આવી હતી, તો બીજી તરફ આગામી ચૂંટણી માટે સંગઠનને વધુ સક્રિય અને મજબૂત બનાવવાનો રાજકીય સંદેશ પણ આપવામાં આવ્યો હતો. ખાસ કરીને પ્રદેશ ભાજપા પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો જીતવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કરતાં સ્નેહમિલનના કાર્યક્રમને સીધો ચૂંટણીલક્ષી રાજકીય સંદર્ભ આપ્યો હતો. મોદીએ ગુજરાતમાં પોતાના ૨૫ વર્ષના જાહેરજીવનની યાત્રાને યાદ કરીને કાર્યકર્તાઓના ત્યાગ, તપસ્યા અને પરિશ્રમને વિકાસનું સાચું ચાલકબળ ગણાવ્યું હતું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ તેમને સેવા કરવાની તક આપી તે ઘટનાને ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે. આ લાંબી જાહેરજીવનની યાત્રામાં ગુજરાતના કાર્યકર્તાઓનો અવિરત સાથ, સમર્પણ અને તપસ્યા ન હોત તો જનતાની આટલી વ્યાપક સેવા શક્ય બની ન હોત. ભાજપામાં વ્યક્તિ કરતાં પક્ષ, પદ કરતાં પરિશ્રમ અને સ્વાર્થ કરતાં રાષ્ટ્રહિતને હંમેશાં સર્વોપરી સ્થાન મળ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારતે વિશ્વમંચ પર નવી ઓળખ અને આત્મવિશ્વાસ મેળવ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત ૨૫ વર્ષથી વધુ સમયથી વિકાસના રોલમોડેલ તરીકે આગળ વધી રહ્યું છે. ચિપથી શિપ અને સેમિકન્ડક્ટર જેવા આધુનિક ક્ષેત્રોમાં ગુજરાત નવી દિશા આપી રહ્યું છે. નમો લક્ષ્મી, નમો સરસ્વતી અને વનબંધુ કલ્યાણ જેવી યોજનાઓથી શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને જનજાતીય વિકાસને વેગ મળ્યો છે.

બમરોલીમાં ફળના વિક્રેતાની બે બાઈક સળગાવી દીધી

લારી-સાઇકલમાં તોડફોડ કરી ૩. ૭૦ હજારનું નુકસાન કરાયું

અદાવત રાખી આશુતોષ રાજપૂત સહિત ચાર શખ્સોએ મચાવ્યો આતંક

સુરત:બમરોલી વિસ્તારમાં રહેતા અને ફળની લારી ચલાવી ગુજરાન ચલાવતા એક વ્યક્તિના ઘરના આંગણામાં પાર્ક કરેલી બે મોટરસાયકલ પર જ્વલનશીલ પદાર્થ છાંટી આગ લગાવી દેવામાં આવી હતી તેમજ લારી અને સાયકલમાં તોડફોડ કરી કુલ રૂ. ૭૦,૦૦૦ નું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. પાંડેસરા બમરોલી સ્થિત ગણપતનગર ગલી નં. ૧ માં રહેતા અને ભટાર ઉમાભવન નજીક ફળની લારી લગાવી પરિવારનું ગુજરાન ચલાવતા ૪૮ વર્ષીય રવિન્દ્રકુમાર રાધેશ્યામ મૌર્યાએ ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રિના દસેક વાગ્યે તેઓ લારી બંધ કરીને ઘરે આવ્યા હતા અને ઘરના આંગણામાં પોતાની હીરો સ્પ્લેન્ડર બાઈક (નં. GJ-05-UD-3413), પુત્ર અંકિતની હીરો સ્પ્લેન્ડર બાઈક (નં. GJ-05-NM-7892), બે જૂની લારીઓ અને એક જૂની સાયકલ પાર્ક કરી હતી.રાત્રિના અગિયારેક વાગ્યાના અરસામાં પરિવાર જમીને સૂવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે ઘરની બહાર ગાળાગાળીનો અવાજ સંભળાયો હતો. રવિન્દ્રકુમાર તથા તેમના પુત્રો હાર્દિક અને અંકિતે અંદરથી જોતાં સોસાયટીમાં રહેતો આશુતોષ ઉર્ફે શિવમ રાજપૂત અને તેનો મિત્ર ગોરે મિશ્રા ગાળો બોલી રહ્યા હતા. ત્રણ-ચાર દિવસ અગાઉ મિત્ર રાકેશ સાથે થયેલા ઝઘડાની અદાવત રાખીને બંને પુત્રોને બહાર બોલાવવામાં આવ્યા હતા.પિતા-પુત્રો બહાર ન નીકળતા આશુતોષ રાજપુત, ગોરે મિશ્રા, બંગાલી અને આયુષ ગુપ્તા સહિત ચારેય શખ્સોએ ભેગા મળીને આંગણામાં રહેલી બે લારીઓ અને સાયકલમાં તોડફોડ કરી હતી. ત્યારબાદ બંને મોટરસાયકલ પર જ્વલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપી દીધી હતી. બૂમાબૂમ થતા આસપાસના લોકો એકઠા થઈ જતા ચારેય આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. પાંડેસરા પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

હવે માત્ર પરીક્ષાના ગુણ નહીં, વિદ્યાર્થીની સર્વાંગી પ્રગતિનું મૂલ્યાંકન થશે

સુરતની ૮૮ શાળામાં ધોરણ-૩ અને ૬ માટે હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થશે, ૨૦૨૭-૨૮થી વધુ ચાર ધોરણોનો સમાવેશ કરાશે

સુરતઃ શાળાઓમાં અત્યાર સુધી વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિનું મૂલ્યાંકન મુખ્યત્વે પરીક્ષાના ગુણ અને પરિણામના આધારે થતું હતું, પરંતુ હવે શિક્ષણ વિભાગ દ્વારા મૂલ્યાંકનની પદ્ધતિમાં મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ધોરણ-૩ અને ૬માં હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ (HPC) અમલી બનાવવાનો નિર્ણય લીધો છે. આ નવી વ્યવસ્થામાં વિદ્યાર્થીની શૈક્ષણિક ક્ષમતા ઉપરાંત તેની સર્વાંગી પ્રગતિનું ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન કરવામાં આવશે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ અંગે તમામ શાળાઓને પરિપત્ર કરીને અમલીકરણની સૂચના આપવામાં આવી છે. પરિપત્ર મુજબ ફાઉન્ડેશન સ્ટેજ એટલે કે બાલવાટિકાથી ધોરણ-૨ સુધીની તમામ શાળાઓમાં હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડનો અમલ ફરજિયાત રહેશે. જ્યારે પ્રિપેરેટરી સ્ટેજમાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાની ૧૦ ટકા શાળાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત સુરતની કુલ ૮૮ શાળાની પસંદગી કરાઈ છે. પસંદ થયેલી ૮૮ શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ધોરણ-૩ અને ૬માં નવી મૂલ્યાંકન પદ્ધતિ લાગુ કરાશે. ત્યારબાદ વર્ષ ૨૦૨૭-૨૮થી અનુક્રમે ધોરણ ૪-૫ અને ૭-૮ને પણ આ વ્યવસ્થામાં આવરી લેવામાં આવશે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીના અભ્યાસ ઉપરાંત તેની સમજશક્તિ, કૌશલ્ય અને અન્ય પાસાંને આવરી લઈને ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન કરાશે.

નવી વ્યવસ્થાના અસરકારક અમલીકરણ માટે જી.સી.ઈ.આર.ટી. દ્વારા શાળાઓને માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવશે. જ્યારે જિલ્લા કક્ષાએ સમગ્ર કામગીરીનું મોનિટરિંગ કરવામાં આવશે. આમ, ગુણ આધારિત મૂલ્યાંકનથી આગળ વધીને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતી નવી શિક્ષણ પદ્ધતિ તરફ રાજ્યની શાળાઓ આગળ વધી રહી છે.

બમરોલી ખાડીમાંથી નવજાતનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો

જન્મ બાદ તરછોડી દેવાયું હોવાની આશંકા



સુરતઃ બમરોલી વિસ્તારમાં આવેલી ખાડીમાંથી રવિવારે સવારે 10 દિવસના નવજાત બાળકનો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. કોઈ અજાણ્યા વ્યક્તિએ જન્મતાની સાથે જ બાળકને તરછોડી દીધું હતું કે પછી તેની હત્યા કરી મૃતદેહ ખાડીમાં ફેંકી દીધો હતો તે સહિતના અનેક સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, રવિવારે સવારે બમરોલી ખાડીના પાણીમાં એક નવજાત બાળકનો મૃતદેહ તણાઈ રહ્યો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થતા એક રાહદારીની નજર મૃતદેહ પર પડતાં તેણે તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. ફાયર વિભાગના જવાનોએ ખાડીના પાણીમાંથી બાળકના મૃતદેહને બહાર કાઢી પોલીસને સોંપ્યો હતો. ત્યારબાદ ખટોદરા પોલીસની ટીમે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. બાળકનો મૃતદેહ લાંબો સમય પાણીમાં રહેવાને કારણે કોહવાઈ ગયેલી હાલતમાં મળી આવ્યો હતો. જેથી મૃત્યુનું ચોક્કસ કારણ અને અન્ય વિગતો જાણવા સોમવારે સવારે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. પ્રાથમિક દૃષ્ટિએ બાળકનો જન્મ થયા બાદ તેને તરછોડી દેવામાં આવ્યું હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. ફોરેન્સિક પોસ્ટમોર્ટમના રિપોર્ટ બાદ ઘટનાને લઈને વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે.

કામરેજ અપહરણના ત્રણ આરોપીનાં આગોતરા મંજૂર

સુરતઃ કામરેજના અપહરણ કેસમાં સેશન્સ કોર્ટે ત્રણ આરોપીને આગોતરા જામીન મંજૂર કર્યા હતા. તા.૪/૧૧/૨૦૨૬ના રોજ આરોપી સાહીલ પટેલ, અંજનકુમાર પટેલ અને ધર્મેશભાઈ વીરાતીયાએ પિતરાઈ બહેનનું અપહરણ કરી, સ્વિફ્ટ કારમાં બેસાડી નાસી ગયા હતા. આ મામલે મહિલાના પતિ જેનિશ પટેલે કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ધરપકડથી બચવા માટે ત્રણેય આરોપીએ વકીલ પી.ટી.રાણા મારફતે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. બચાવ પક્ષના વકીલ પી.ટી.રાણાની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીઓનાં આગોતરા જામીન મંજૂર કર્યાં હતાં.

લિંબાયતમાં છ મહિનાથી બેકાર યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ બિહારના વતની અને હાલ લિંબાયતમાં આવેલ કૃષ્ણનગરમાં સોસાયટીમાં 54 વર્ષીય મહેન્દ્રભાઈ હીરાભાઈ શાહુ પરિવાર સાથે રહેતા હતા. તે ટેમ્પો ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ છેલ્લા છએક મહિનાથી યોગ્ય કામ નહીં મળતા તેઓ કોઈ કામધંધો કરતા ન હતા. શનિવારે રાત્રે મહેન્દ્રભાઈએ ઘરમાં લોખંડના હૂક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.







અનુસંધાન... પાના છેલ્લાનું

સુરત સ્ટેશન...

મુસાફરો માટે બંધ રહેશે. મુંબઈ સેન્ટ્રલ મંડલ કાર્યાલય તરફથી 16 નવેમ્બરે જારી કરાયેલા પત્ર મુજબ, આ બ્લોક માટે 80 દિવસનો કાર્યક્રમ તૈયાર કરાયો છે. બ્લોક અને ટ્રેનોના શિફ્ટિંગ માટે રેલવે બોર્ડની મંજૂરી મળી ગઈ છે. ડિસેમ્બરમાં કઈ તારીખથી બ્લોક શરૂ કરવો તે અંગે પશ્ચિમ રેલવે આગામી એક સપ્તાહમાં નિર્ણય લઈને બોર્ડને જાણ કરશે.

ટ્રેનો પર અસર...

બ્લોક રહેશે. આ દરમિયાન 5-6 માલગાડીઓને પણ રેગ્યુલેટ કરાશે. ડાઉન દિશાની ટ્રેનોને પ્લેટફોર્મ-2 પર લેવાશે. અમદાવાદ-દિલ્હી-રાજસ્થાન તરફ જતી કુલ 89 ટ્રેનો ઉધના અને 50 ટ્રેનો ઉગ્રાણ શિફ્ટ થશે, જ્યારે 51 ટ્રેનો સુરતના પ્લેટફોર્મ-2 પર શિફ્ટ થશે.

સુરતની આખ્સાહ...

સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે રમાનારી મેચોમાં આખ્સાહને ભારતીય જર્સીમાં રમતી જોવાની તક સુરતના ક્રિકેટપ્રેમીઓને મળી શકે છે. આખ્સાહની આ પસંદગીથી સુરતના મહિલા ક્રિકેટ ક્ષેત્રમાં ઉત્સાહનો માહોલ છે. SDCAના હોદ્દેદારો, કોચ, ખેલાડીઓ અને ક્રિકેટપ્રેમીઓએ અચસાને અભિનંદન પાઠવી આગામી આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં સફળતા માટે શુભેચ્છા વ્યક્ત કરી છે. તો બીજી તરફ નવસારીની મહિલા ક્રિકેટર મૈત્રી મણિયારની ભારતીય અંડર-19 મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ઇંગ્લેન્ડ સામે રમાનારી આગામી ટી-20 શ્રેણીમાં દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મળતાં મૈત્રીના પરિવારજનો, કોચ અને રમતપ્રેમીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મૈત્રીએ સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં પોતાની બોલિંગ ક્ષમતાનો પરિચય આપીને આ મુકામ હાંસલ કર્યો છે. બીસીસીઆઇની અંડર-19 મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં બરોડા ક્રિકેટ એસોસિએશન તરફથી રમતી વખતે તેણે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટુર્નામેન્ટમાં 14 વિકેટ પોતાના નામે કરીને બરોડાની ટીમને ફાઇનલ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

હાઇએસ્ટ ઠંડીના...

થતાં પારો 17.4 ડિગ્રીએ પહોંચ્યો હતો. આમ, મહત્તમ તાપમાનમાં વધારા સાથે દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થયો હતો, પરંતુ વહેલી સવારના વાતાવરણમાં ઠંડક જળવાઈ રહી હતી. હવામાનની સ્થિતિની વાત કરીએ તો આજે હવામાં ભેજનું પ્રમાણ 59 ટકા નોંધાયું હતું. જ્યારે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી છ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનની દિશા અને તાપમાનમાં થયેલા ફેરફાર વચ્ચે શહેરના વાતાવરણમાં ઠંડકનો અનુભવ યથાવત રહ્યો હતો. નોંધનીય છે કે ગઈકાલે લઘુત્તમ તાપમાનનો પારો 16 ડિગ્રી સુધી ગગડતાં છેલ્લા બે દિવસથી શહેરીજનોને ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આજે તાપમાનમાં વધારો નોંધાયો હોવા છતાં ઠંડીની અસર સંપૂ